# ભારતમાં વિદેશી સહેલાણીઓ આવવા જોઈએ એટલાં આવતાં કેમ નથી?

માણસ ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા કે યુરોપથી સાતથી માંડીને વીસ કલાકનો સાંકડી સીટમાં વિમાનનો પ્રવાસ કરીને મુંબઇ એરપોર્ટ પર રાત્રિના એક વાગ્યાની આસપાસ ઊતરે અને એ જ સમયગાળાની આસપાસ દુનિયાભરમાંથી ફલાઈટો મુંબઇ પહોંચે ત્યારે એરપોર્ટ પર ઈમિગ્રેશનમાં અરધો કલાક કે કલાક વિતી જાય. ત્યાર બાદ અલગ અલગ કન્વેયર બેલ્ટ પર સામાન આવે. ઈન્ડીકેટરો પર કઇ ફલાઈટનો સામાન કયા નંબરના બેલ્ટ પર ઊતરશે તેની સ્પષ્ટ સૂચના ન હોય. મુસાફરોનાં ટોળાં ટ્રોલી સાથે અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં કૂટાયા કરે. મદદ કે માર્ગદર્શન માટે ત્યાં કોઇ ન હોય અને કોઈક એવી સૂચના આપે કે તમારો સામાન કોઇક બીજી ફલાઈટમાં જતો રહ્યો છે. વાઇ-ફાઇ ચાલતું ન હોય. આવનારા પાસે સિમ કાર્ડ કયાંથી હોય? બહાર રિસિવ કરવા આવ્યા હોય તેની સાથે વાતચીત ન થઇ શકે. આ લખનારનો આ 2018નો અનુભવ છે, જેમાં ચાર ચાર કલાક એરપોર્ટ પર સામાન નહીં મળવાના ઉચાટમાં પસાર કરવા પડ્યા હતા. બહાર રિસિવ કરવા આવેલા સગાંની પણ આ હાલત હતી. આજે મુંબઇ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં સ્થિતિ સુધરી છે કે નહીં તેની જાણ નથી પણ 2018માં હતી એ સ્થિતિનો જે વિદેશી પર્યટકોએ અનુભવ કર્યો હશે તેમાંના ઘણાએ નક્કી કર્યું હશે કે હવે ભારતના પ્રવાસે ન આવવું. માત્ર એરપોર્ટનો જ અનુભવ ખરાબ થતો નથી, ઈમિગ્રેશન અધિકારીઓ, ટેકસીવાળાઓ, હોટેલવાળાઓ લૂંટે અને ચોખ્ખાઈ તેમ જ સગવડતાના નામે મીંડું હોય. સિવાય કે તમે ફાઈવ સ્ટારમાં ઊતર્યા હો. તેઓ, ખાસ કરીને ગોરા મુલકના લોકો ભારતમાં હોય ત્યારે ભારતના વખાણ કરે પરંતુ અમેરિકામાં તમે તેઓનો અભિપ્રાય પૂછો તો લગભગ મોટા ભાગના સારો અભિપ્રાય નહીં આપે. અમેરિકામાં એક મહિલાએ આ લખનારને કહ્યું હતું કે તમારો દેશ ‘હોરીબલ’ છે. જો કે એને રાજ કપૂરની ફિલ્મો પસંદ પડતી હતી. ભારતમાં અગવડતાઓ કરતાં પણ વિદેશી સહેલાણીઓને આવતાં અટકાવે એવી બે ચીજ મુખ્ય છે, એક આપણી ટ્રાફિક અને વાહન-વ્યવસ્થા અને બીજી દેશમાં ચોમેર ફેલાયેલી ગંદકી. જેમને આ બધી સ્થિતિઓ સામે વાંધો ન હોય તેઓ ભારત આવે છે અને ઘણા ફરી વાર પણ આવે છે. બાકી ત્યાંના મીડિયામાં પ્રવાસન માટે ભારતને સારા માર્કસ આપવામાં આવતા નથી.

ભારતમાં પ્રવેશવા માટેની વિઝા પદ્ધતિ પણ ગુંચવાડાભરી છે. ભારતનું પ્રદૂષણ, ખાસ કરીને શહેરી વિસ્તારોનું પ્રવાસીઓને આવતા રોકે છે. અને આવ્યા હોય તો પોતાના દેશમાં જઇ બીજાઓને ભારત નહીં જવાની સલાહ આપે છે. વિદેશી પ્રવાસીઓમાં હમણાંનાં વરસોમાં શાંત અને નૈસર્ગિક સ્થળોએ પ્રવાસે જવાનું ચલણ વધ્યું છે. શુદ્ધ હવા, તંદુરસ્તી અને સમાજ, ઈતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસ અને અનુભવનો સંગમ થાય તેવું તેઓ ઈચ્છતા હોય છે. સાંસ્કૃતિક અને સામાજિક બાબતોમાં ભારત સમૃદ્ધ અને અનોખું છે પણ બાકીની બાબતોમાં પછાત છે.





ભારતમાં યુનેસ્કો દ્વારા ઘોષિત કરવામાં આવેલી 43 વર્લ્ડ હેરીટેજ સાઈટો અર્થાત ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરો છે. ભારતમાં નૈસર્ગિક સૌંદર્ય પણ અફાટ વિસ્તરેલું છે. સમૃદ્ધ ઈતિહાસ છે. ભારતની ચટાકેદાર વાનગીઓ પણ વિદેશીઓને ખૂબ ભાવે છે. દક્ષિણ ભારતનાં શિલ્પ, સ્થાપત્યો, મંદિરો, ઉત્તર ભારતના તાજ મહેલ, રાજસ્થાનની હવેલીઓ, કિલ્લાઓની માફક બેનમૂન છે. છતાં કોઈ પણ મોટા ખંડ(એશિયાને બાદ કરતાં) કરતાં વધુ વસતિ ધરાવતા અને વિશાળ એવા આ દેશમાં સહેલાણીઓ આવવા જોઈએ એટલા આવતા નથી. જો ભારતમાં આવતા ગોરા પ્રવાસીઓના ગંતવ્ય સ્થાનમાંથી ગોવાને બાદ કરવામાં આવે તો ભારતના બાકીના પ્રદેશોમાં આવતા સહેલાણીઓની સંખ્યા ઘણી ઓછી થઇ જાય. હમણાંનાં વરસો સુધી તાજમહેલ જોવા જતાં ભારતીય પ્રવાસીઓની એવી વલે થતી હતી કે પ્રવાસીઓ બીજી વખત જવાનું નામ ન લે. લોકરોમાંથી કેમેરા, ક્રેડિટ કાર્ડસ, સેલફોન વગેરે ચીજો ચોરાઈ જવી આમ વાત હતી. પોલીસ અને ગાર્ડસ લોકો આ બધી પ્રવૃત્તિઓમાં સામેલ હોય. ગાઈડ અને ટેકસી રિક્ષાવાળા બેફામ લૂંટ ચલાવતા. યોગીજીની સરકાર આવી ત્યાર બાદ શિસ્ત અને વ્યવસ્થા સ્થપાયાં છે. ત્યાં સુધી કે અગાઉનાં વરસોમાં જેતે દેશના પ્રવાસીની સરકારો તેમ જ ભારત સરકાર દ્વારા તાજમહેલના પ્રવાસે જતી વેળા સાવધ રહેવાની યાદી જાહેર કરવામાં આવતી હતી જે હવે જાહેર કરવી પડતી નથી. ભારતમાં વિદેશી પ્રવાસીઓ આવવાની સંખ્યા વરસ 2019માં સૌથી ટોચ પર પહોંચી હતી. એ વરસે એક કરોડ નવ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. તેની સામે મુંબઇના મુંબઇ કે અન્ય મેટ્રોસિટીથી ઘણા નાના દુબાઈમાં એક કરોડ સડસઠ લાખ પ્રવાસીઓ 2019માં આવ્યા હતા. ત્યાર બાદ કોરોના સંકટ આવ્યું અને લોકોએ ખાસ પ્રવાસ ન કર્યો પરંતુ 2023માં 85 લાખ અને 2024ના જૂન મહિના સુધીમાં પૂરા થયેલા 12 મહિનામાં 96 લાખ જેટલા પ્રવાસીઓ ભારતમાં આવ્યા હતા અને જ અરસામાં દુબાઈના પ્રવાસીઓ 2019ની સરખામણીમાં 11% વધ્યા હતા, જયારે ભારતમાં 2019ની સરખામણીમાં 10%નો ઘટાડો થયો છે. દુનિયાભરમાં પર્યટન ઉદ્યોગ તેજીમાં છે. મોટાભાગના દેશો ટુરિઝમને (એકસપોર્ટ ઈન્ડસ્ટ્રી) એક મૂલ્યવાન ક્ષેત્ર ગણે છે. તેના થકી વિદેશી હૂંડિયામણ, કરવેરાની આવક થાય છે અને લોકોને મોટા પ્રમાણમાં રોજીરોટી મળે છે. પર્યટન ઉદ્યોગોનો ફાળો વૈશ્વિક સ્તરે એવડો મોટો છે કે માનવામાં આવે પરંતુ એ હકીકત છે કે દુનિયાની GDP (કુલ વાર્ષિક આવક)માં તેનો હિસ્સો દસમા ભાગનો માતબર છે અને દુનિયાના પ્રત્યેક દસ જણના નોકરી-ધંધામાં એક જણ પર્યટન ઉદ્યોગમાં કામ કરે છે. હમણાંના દસકો સુધી ઘણા દેશો જેવા કા ઉજબેકિસ્તાન, સાઉદી અરેબિયા, મધ્ય પૂર્વ તેમ જ એશિયાના અમુક દેશોએ પ્રવાસીઓ માટે દરવાજા બંધ રાખ્યા હતા પરંતુ હવે તેઓને આ ઉદ્યોગનું મહત્ત્વ સમજાયું છે તેથી પ્રવાસીઓને આવકારવા પડાપડી કરી રહ્યા છે. સાઉદી અરેબિયા તેલની આવક ઉપરાંત પર્યટન ક્ષેત્રમાંથી બે થી ત્રણ ટકા વધુ GDP પેદા કરવા માંગે છે. તે માટે સાઉદી અરેબિયામાં સ્ત્રીઓને ગાડી ચલાવવાની, શરાબ પીવાની, પ્રદેશમાં જેને જયાં ફરવું હોય ત્યાં સલામતીપૂર્વક ફરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નવા નવા સ્થાપત્યો, સ્ટેડિયમો વગેરે બાંધ્યાં છે. દુબાઈ અર્થાત સંયુકત આરબ અમીરાત પણ એ માર્ગે આગળ વધી રહ્યું છે. અમુક દેશોએ અમુક દેશોના નાગરિકો માટે વિઝાની જોગવાઈઓ પણ રદ કરી છે.

ભારત આ બાબતમાં પાછળ રહી ગયું છે. સ્વચ્છતા અને સદ્દવ્યવહાર બાબતે નેતાઓ મોટી ડીંગો હાંકે છે પણ વાસ્તવિકતા સાવ જુદી છે જે આપણે પ્લાસ્ટિકનો કચરો અને ગાયોના અડ્ડાઓ પરથી સમજી શકીએ છીએ. અધૂરામાં પૂરું તે ભારતે વિદેશોમાં અમુક ટુરિસ્ટ ઓફિસ ખોલી રાખી હતી તે વરસ 2023માં બંધ કરી દેવાઈ છે. વિદેશોમાં ભારતીય પર્યટન વિકાસ માટે જે 100 કરોડ રૂપિયાનું વાર્ષિક બજેટ ફાળવવામાં આવતું હતું તેમાં પણ 2024ના વરસમાં 65% જેટલો કાપ મૂકવામાં આવ્યો છે. જો કે ભારતના નાગરિકો ભારતમાં ખૂબ ભ્રમણ કરતા થયા છે. ટ્રેનોની સંખ્યાઓ, ઝડપ અને સ્વચ્છતા વધારવામાં આવી છે. ટિકિટની ખરીદી આસાન કરવામાં આવી છે તો પણ દેશની GDPમાં પર્યટન ક્ષેત્રનો ફાળો 2002-2003ની સાલમાં 5.8% હતો તે 2019-20માં ઘટીને 502 થયો છે. જો કે આ આંકડાઓનો અર્થ એ નથી કે દેશમાં આવતાં ટુરિસ્ટો ઘટ્યા છે. વાસ્તવમાં GDPમાં સામેલ અન્ય ક્ષેત્રોનો ખૂબ વિકાસ થાય અને GDPની સાઈઝ ખૂબ મોટી થાય ત્યારે પર્યટન કે કોઈ અન્ય ક્ષેત્ર ટકાવારી સાથે તાલ મિલાવી ન શકે તો ટકાવારી ઓછી દેખાય. વાસ્તવમાં પ્રવાસીઓના આગમન અને તેઓ દ્વારા થતાં ખર્ચનું પ્રમાણ ઘણું મોટું થયું હોય. જો કે ભારત સરકાર ઈચ્છે છે કે દેશમાં વધુ અને વધુ વિદેશી પ્રવાસીઓ આવે પરંતુ તે માટે પ્રાથમિક શિક્ષણથી માંડીને વાહનવ્યવહાર, સુવિધાઓ વગેરેમાં ધરમૂળથી

તાલીમ અપાય ત્યારે વરસો પછી ચમનમાં ગુલ ખીલે, રાતોરાત ફરક નહીં પડે. અનેક ક્ષેત્રો સુધારા માગી લે છે. જેઓ શ્રીમંતો છે તેઓ જ વધુ વિશ્વપ્રવાસ કરતા હોય છે. શ્રીમંતોમાં મોટા ભાગના ગોરા દેશોના અને હવે ચીનના પ્રવાસીઓ પણ હોય છે. જો તેઓને ભારતની ટ્રાફિક અશિસ્ત અને ગંદકી પસંદ ન આવે તો શું કામ ખર્ચ કરીને આવે?

ભારત સરકારે 2047 સુધીમાં વાર્ષિક 10 કરોડ વિદેશી પ્રવાસીઓ આવતા થાય તે લક્ષ્યાંક રાખ્યો છે. અમુક ટુર ઓપરેટરો કહે છે કે ‘‘ભારત સરકાર એમ માને છે કે ભારત ટુરિઝમ માટે એક એવો આદર્શ દેશ છે કે પ્રવાસીઓ સામે ચાલીને દોડતાં આવશે’’ પરંતુ આ રીતભાતને માળિયે

**કબીરા ખડા બજાર મેં**
વિન્સી મરચન્ટ

ચડાવવી પડે. 10 કરોડ વિદેશી પર્યટકોનો લક્ષ્યાંક રાખવો તેનો અર્થ એ કે દર વરસે પ્રવાસીઓની સંખ્યામાં 15%નો વધારો થતો રહેવો જોઈએ પરંતુ વરસ 2001 અને 2019 સુધીનાં વરસોમાં લગભગ સાડા આઠ ટકાનો સરેરાશ વધારો નોંધાતો રહ્યો છે. ભારત સરકારે અમુક પગલાં લેવાં પડે. તેનાં પરિણામો વર્ષો બાદ જોવા મળે પણ કેટલીક બાબતો એવી છે જે આજથી જ હાથ ધરી શકાય. ટુરિઝમના વિકાસ માટે ભારત સરકારે વિઝા આપવાની પ્રકિયા સરળ બનાવી છે અને ઓનલાઇન પણ બનાવી છે. એ કામ 10 વરસ અગાઉ કરવામાં આવ્યું હતું પણ પ્રક્રિયામાં હજી ઘણા ખૂણાખાંચરા છે. તેની વેબસાઇટ (વિઝા માટેની) ડોટ કોમનો યુગ શરૂ થયો તે પ્રારંભના કાળની છે. તેને આસાનીથી હેન્ડલ કરી શકાતી નથી. તે સામે દુનિયાના અનેક દેશોની વેબસાઇટો અત્યાધુનિક છે અને સરળતાથી ઓપરેટ કરી શકાય તેવી છે. ભારતના ઓનલાઇન વિઝા મેળવનાર માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાય છે. સંભવિત પર્યટક ભારતને બદલે કોઇ બીજો દેશ પસંદ કરી લે છે. ઘણા દેશો હવે પ્રવાસી જેતે દેશમાં પહોંચે પછી ત્યાં એરપોર્ટ પર વિઝા આપે છે. જેમ કે ભારતમાંથી જેને હોંગકોંગ જવું હોય એણે વિઝા લેવા પડતા નથી. આવી સેવા આપનારા દેશોની સંખ્યા વધી છે. જો કે ભારત માટે આંતરિક સુરક્ષાની સમસ્યા ઘણી મોટી છે. તેથી જોઇ વિચારીને વિઝા આપવાની નીતિમાં ડહાપણ જરૂર છે પણ કરોડો બાંગ્લાદેશી મુસ્લિમો વગર વિઝાએ ભારતમાં ઘૂસી જાય છે અને સરકાર અજમેર ખાતે ચાદર મોકલવામાં વ્યસ્ત હોય છે. સરકાર કદાચ તેઓને પ્રવાસી સમજતી હશે.

**ભારતમાં યુનેસ્કો દ્વારા ઘોષિત કરવામાં આવેલી 43 વર્લ્ડ હેરીટેજ સાઈટો અર્થાત ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરો છે. ભારતમાં નૈસર્ગિક સૌંદર્ય પણ અફાટ વિસ્તરેલું છે. સમૃદ્ધ ઇતિહાસ છે. ભારતની ચટાકેદાર વાનગીઓ પણ વિદેશીઓને ખૂબ ભાવે છે છતાં કોઇ પણ મોટા ખંડ કરતાં વધુ વસતિ ધરાવતા અને વિશાળ એવા આ દેશમાં સહેલાણીઓ આવવા જોઈએ એટલા આવતા નથી**

## શું શરદ પવારે NCPના બે જૂથોને ફરી ભેગા કરવા પ્રફુલ પટેલને લીલી ઝંડી આપી?

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

NCPના વર્તુળો માને છે કે પ્રફુલ પટેલે પહેલા શરદ પવારની સલાહ લીધા વિના ફરીથી એકીકરણની વાત કરી ન હોત. સિનિયર પવાર સાથે પટેલના નજીકના સંબંધો જાણીતા છે. ગયા વર્ષે જ્યારે NCPનું વિભાજન થયું ત્યારે બળવાખોર ભત્રીજા અજિત પવાર સાથે જોડાવા માટે તેમણે જુનો પક્ષ છોડી દીધો ત્યાં સુધી, પટેલ શરદ પવારની મંજૂરી મેળવ્યા વિના એક ડગલુ પણ આગળ વધતા ન હતા.



હવે ભત્રીજા અને કાકા ફરી ભેગા થવાની અટકળો વધી રહી છે, અને શરદ પવારના નજીકના લોકો કહે છે કે પવાર સિનિયર અને જુનિયર બંનેની સલાહ લીધા વિના પ્રફુલ પટેલ ક્યારેય આવા સંવેદનશીલ પારિવારિક મુદ્દા વિશે વાત કરે નહીં. હકીકત એ છે કે અજિત પવારની માતા આશા પવાર પણ પુન:મિલનના સમૂહગીતમાં જોડાયા હતા અને મંદિરમાં પ્રાર્થના કરવા માટે પણ ગયા હતા તે ગણગણાટમાં વજન ઉમેરે છે. NCP વર્તુળો મૂંઝવણમાં છે કે NCP ફરીથી જોડાવાથી મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની વર્તમાન મહાયુતિ સરકારને કેવી અસર થશે. પરંતુ તેઓને લાગે છે કે કાકા અને ભત્રીજાની મતભેદોને દફનાવવા વિશેની આ વાતચીતો એ સંકેત છે કે કંઈક ઉભરી રહ્યું છે. એવું લાગે છે કે મહારાષ્ટ્ર માટે ચૂંટણી લડાઈ પૂરી થઈ ગઈ છે પરંતુ રાજ્યને કબજે કરવાની લડાઈ હજુ ચાલુ છે.

## અર્થશાસ્ત્રી કૌશિક બસુએ મનમોહનજીનું એક અદ્દભૂત સ્મરણ રજૂ કર્યું

બસુ દિલ્હી સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં મનમોહન સિંહના જુનિયર સાથી હતા જ્યાં તેઓ સરકારમાં જોડાયા તે પહેલાં બંનેએ ભણાવ્યું હતું. પાછળથી, PM તરીકે મનમોહન સિંહે તેમના બીજા કાર્યકાળ દરમિયાન તેમને નાણાં મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કર્યા. તે સમય હતો જ્યારે બસુએ પુસ્તક સ્વરૂપે નિબંધોની શ્રેણી એકસાથે મૂકવાનું નક્કી કર્યું. એક નિબંધ મનમોહન સિંહ વિશે હતો. પરંતુ તેને પ્રકાશન માટે મોકલતા પહેલા બસુને લાગ્યું કે તેની વડાપ્રધાન સાથે સ્પષ્ટતા કરવું યોગ્ય રહેશે. તેથી તેમણે મનમોહન સિંહને નિબંધ વાંચવા માટે વિધિવત રીતે મોકલ્યો. બીજા દિવસે, વડાપ્રધાને તેમને બોલાવ્યા અને નિબંધ પ્રકાશિત કરવાની સખત મનાઈ કરી. તેમણે કહ્યું કે બાસુએ તેમના ખૂબ વખાણ કર્યા છે અને તે સારું નહીં લાગે. પછી, કદાચ આ ફટકો હળવો કરવા માટે, તેમણે સ્મિત સાથે કહ્યું કે પોતે વડા પ્રધાનનો હોદ્દો છોડે તે પછી બસુ આ નિબંધ પ્રકાશિત કરી શકે છે. આ ઘટના રેખાંકિત કરે છે કે મનમોહન સિંહ કેટલી હદે પ્રશંસાથી દૂર રહેનારા હતા અને વડા પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેઓ પોતાને અયોગ્ય રીતે રજૂ ન કરવા માટે કેટલા સભાન હતા. તે ઇચ્છતા હતા કે તેમનું કામ પોતાને માટે બોલે, અન્ય લોકો દ્વારા વખાણના તેઓ અભરખા રાખતા ન હતા.




## વિદેશી મહાનુભાવો મનમોહનને પુષ્પાંજલિ આપી શક્યા નહીં

મનમોહન સિંહના અંતિમ સંસ્કારમાં કડક સુરક્ષા પ્રતિબંધોથી નવી દિલ્હીમાં વિદેશી રાજદ્વારીઓ પરેશાન હતા. સુરક્ષા એટલી કડક હતી કે તેઓ સ્વર્ગસ્થ પૂર્વ પીએમના પાર્થિવ દેહ પર અર્પણ કરવા માટે લાવેલા પુષ્પાંજલિ અને પુષ્પો તેઓમાંથી કોઈને પણ લાવવા દેવાયા નહોતા. તે બધાને ગેટની બહાર ફૂલ છોડવાનું કહેવામાં આવ્યું. પરિણામ એ હતું કે ગેટ પર ફક્ત ગુલદસ્તો અને માળાઓનો એક વિશાળ ઢગલો થઇ ગયો. કેટલાક રાજદ્વારીઓ પૂછતા સાંભળવામાં આવ્યા હતા કે શા માટે સ્કેનરની કોઈ વ્યવસ્થા નથી જેના દ્વારા ફૂલોની તપાસ કરી શકાય. છેવટે, અંતિમ સંસ્કારમાં ફૂલો મૂકવો એ એક રિવાજ છે જે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. રાજદ્વારીઓને કહેવામાં આવ્યું હતું કે અંદર ગુલાબની પાંખડીઓની ટોપલીઓ છે જેનો તેઓ તેમના હાર અને ગુલદસ્તાની જગ્યાએ ઉપયોગ કરી શકે છે.



## મનમોહન સિંહના નિધન બાદ પણ મુંબઇ અને કોલકાતા પ્રેસ ક્લબે ઉજવણી ચાલુ રાખી

કોલકાતા અને મુંબઈની પ્રેસ ક્લબ નવી દિલ્હીની પ્રેસ ક્લબ કરતાં અલગ પાને હોય તેવું લાગે છે. મનમોહન સિંહના 7 દિવસના રાષ્ટ્રીય શોકના સમયગાળાની જાહેરાત કરવામાં આવી ત્યારે નવી દિલ્હી પ્રેસ ક્લબે તરત જ તેના નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણી રદ કરી. પરંતુ કોલકાતા અને મુંબઈમાં તેના સમકક્ષોએ તેમની પાર્ટીઓ સાથે આગળ વધવાનું નક્કી કર્યું. કોલકાતાની પ્રેસ ક્લબમાં એક લોકપ્રિય ટીવી શો સા.રે.ગા.મા.પાના ગાયકો સાથે ખૂબ જ આનંદનો માહોલ હતો. ઘણા ટોલીવૂડ સ્ટાર્સ પત્રકારો સાથે હળી ભળી રહ્યા હતા જ્યારે નવા વર્ષની ઉજવણી ચાલી રહી હતી. રસપ્રદ વાત એ છે કે, મુંબઈ પ્રેસ ક્લબની ઉજવણી કોર્પોરેટ મહારથી ગૌતમ અદાણી દ્વારા પ્રાયોજિત કરવામાં આવી હતી, જેમણે NDTVનો કબજો મેળવ્યો ત્યારથી અને મીડિયા જગતમાં સત્તાવાર રીતે જોડાયા ત્યારથી તેઓ ઉચ્ચ મીડિયા દરજ્જો મેળવી ચૂક્યા હોવાનું જણાય છે.




## સટ્ટાક —— કમલ




અનુસંધાન પાના એકનું

## બહુશ્રૃત

એક રિપોર્ટ અનુસાર મસ્જિદની ઉત્તર દિવાલ પાસે શંકરના નંદિની મુર્તિ દાટવાનો પ્રયાસ કરવાનો ખેલ કોઈ ખેપાનીઓએ ધોળે દિવસે સાંજે સાડા ચારના સમયે કર્યો હતો. આ ખેપાની પકડાઇ પણ ગયા પણ આ હરકતને લીધે એવી ચિંતા ચોક્કસ થાય કે રાજકારણને લીધે બનારસમાં બાબરી વાળી ન થાય તો સારું નહીંતર આ શહેરનું સત્વ ગળવા માંડશે અને તેને સાચવવું કોઇ રાજકારણીના ગજાની વાત નથી. 600 કરોડના કોરિડોર પ્રોજેક્ટ માટે 600 પરિવાર વિસ્થાપિત થયા છે, ૩૦૦ ઘરો ભાંગ્યા છે, જુના ઘાટ તોડી નખાયા છે, લગભગ 286 શિવલિંગ તોડી પડાયા છે જેમાંથી અત્યારે 146 શિવલિંગ લંકા પોલીસ સ્ટેશનમાં સચવાયેલા પડ્યા છે. અત્યારે બળતી ચિતાઓ માટે અતિપ્રચલિત એવા મણીકર્ણિકા ઘાટનું મૂળ સ્વરૂપ બદલાઇ જાય એવી પણ વકી છે. શહેરની મધ્યેથી ઘાટ સુધી લઇ જાય એવા રોપ-વેની કામગીરીને ચાલે છે પણ સ્થાનિકોને એ આખો વિચાર જ પાયા વગરનો લાગે છે.

બનારસ સનાતન ધર્મનું દ્રષ્ટાંત છે, સર્વને સમાવતું સ્થળ છે પણ રાજકારણીઓને આ વિચાર સાથે કંઇ લેવાદેવા નથી. જે શહેરની પ્રકૃતિમાં ધાર્મિક વાડા બંધી નથી ત્યાં રાજકારણની ચોપાટ એ મોહરાં ગોઠવી રહી છે. 2000ના દાયકામાં પણ કોઇએ મંદિરમાંથી જ્ઞાનવાપી મસ્જિદના પ્રાંગણમાં શિવલિંગ ફેંકીને કોમી તણાવ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે તત્કાળ પગલાં લઈ આમ કરનારને મંદિરની સમિતિમાંથી ખસેડી લેવાયો હતો. મંદિર મસ્જિદના સંગાથને સમજનારા સ્થાનિકોનું દ્રઢ પણે માનવું છે કે જો ભવિષ્યમાં અહીં બાબરી વાળી થશે તો મસ્જિદનો વિધ્વંસ કરવા ધસી આવનારા લોકો સ્થાનિકો નહીં હોય પણ બહારના લોકો હશે. વિકાસને નામે ચાલી રહેલી તોડફોડ અંગે 2022માં એક મીડિયા ઈન્ટરવ્યુમાં વિશ્વનાથ મંદિરના મહંત રાજેન્દ્ર પ્રસાદ તિવારીએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ તો ઔરંગઝેબ કરતાં વધુ મંદિરો ભાંગ્યા છે. ઈતિહાસમાંથી અમુક જ હિસ્સાઓ ઉપાડી લઇ તેને આગળ કરવાનું રાજકારણ એજન્ડા લક્ષી હોય છે. ઔરંગઝેબે તોડેલા વિશ્વનાથ મંદિરની વાત કરનારાઓને એ નથી કહેવું કે એ મંદિર મૂળ અકબરે બનાવ્યું હતું. સ્વયંભૂ શિવલીંગ માટે મંદિર બંધાવનારા અકબરના પુત્ર દારા શિકોહે બનારસમાં સંસ્કૃત અને પ્રાચિન હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો અને તેમને જેમણે ભણાવ્યા હતા તે પરિવારના વંશજો આજે પણ બનારસમાં વસે છે. દારા શિકોહને ઔરંગઝેબે હરાવીને મંદિર ધ્વસ્ત કર્યું ત્યારે મહંતના પરિવારે શિવલિંગની રક્ષા કરી. ઔરંગઝેબના મોત પછી હોલકર રાજવી પરિવારના અહિલ્યાબાઈ હોલકરે નવું મંદિર બંધાવવાનો આદેશ આપ્યો હતો. આજના રાજકારણીઓ ઔરંગઝેબને વિલન ચિતરે છે પણ તેણે જંગમબાડી મઠ માટે જમીન અને ભંડોળ આપ્યા હતા જેથી લિંગાયતો તેમની પૂજા અને સંસ્કૃતનો અભ્યાસ ચાલુ રાખી શકે, તેનું રાજવી ફરમાન આજે પણ સચવાયેલું છે. જો કે યોગી આદિત્યનાથે 2018-19માં તેને હટાવી લેવા હિલચાલ કરી હોવાનું પણ કહેવાય છે. અમેરિકન લેખક માર્ક ટ્વેઈને બનારસ માટે લખ્યું હતું કે તે ઈતિહાસ કરતાં ય જુનું, પરંપરા કરતાં પણ જૂનું, કોઈ દંતકથા કરતાં પણ જુનું અને આ બધાનો સરવાળો કરીએને જે આવે તેના કરતાં બમણું જુનું શહેર છે. રાજકારણીઓના સ્વાર્થમાં બનારસની સર્વગ્રાહી, સર્વ સ્વીકારની પ્રકૃતિ પાંખી ન પડી જાય તેવી કાશી વિશ્વનાથને પ્રાર્થના. શિક્ષણ, કલા, આધ્યાત્મના કેન્દ્ર સમા શહેરની ચમક તેની સાદગીમાં, તેની અસ્તવ્યસ્તતામાં અને ગંગાના વહેણમાં રહેલી છે. બનારસ એટલે જેના દરેક પાને એક નવી વાર્તા છે એવું શહેર, અહીં વસનારો - આવનારો દરેક માણસ તેના સંવાદોમાં કાં તો કંઇ આપે છે અથવા તો તમારામાં કંઇ બદલી નાખે છે. જે શહેરે આપણને બિસ્મિલ્લા ખાન જેવા કલાકાર આપ્યા છે, જ્યાં બનારસ હિંદુ યુનિવર્સિટિના કેમ્પસ પાસેથી પસાર થવું પણ અનેક બૌદ્ધિકોને નમન કર્યા સમાન છે, જ્યાં સંગીત, ગાયન, વાદન, નર્તનના ઘરાનાઓના પાયા છે તેવા બનારસની તસવીર યથાવત્ જળવાઈ રહે તે અનિવાર્ય છે.